Sunday
29.09.2024
✳Volume :9 ✳ Issue No.73
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્ | RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily
✳Managing Editor: Arjun Sondarva
✳Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે સુપ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકરને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. શ્રી મોદીએ દિવંગત ગાયક સાથેના પોતાના સંબંધોની યાદ કરતા એક લેખ પણ શેર કર્યો હતો. પ્રધાનમંત્રીએ X પર પોસ્ટ કર્યુંઃ લતા દીદીને તેમની જન્મજયંતિ પર યાદ કરું છું. તેઓ તેમના ભાવપૂર્ણ ગીતોને કારણે લોકોના હૃદય અને દિમાગમાં હંમેશા જીવંત રહેશે. લતા દીદી અને મારી વચ્ચે એક ખાસ સંબંધ હતા. મને તેમનો સ્નેહ અને આશીર્વાદ મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.”

માંડવી ખાતે આદિજાતિ રાજયમંત્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષાતામાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત નિ:શુલ્ક તબીબી તપાસ કેમ્પ યોજાયો

સાંસદ પ્રભુભાઈ વસાવાની પ્રેરક ઉપસ્થિતિ

કમલમ્ ન્યુઝ, સુરત

આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં અને બારડોલીના સાસંદશ્રી પરભુભાઈ વસાવાની પ્રેરક ઉપસ્થિતમાં માંડવી સ્થિત પુનમવાડી ખાતે સેવા પખવાડીયા અને સ્વચ્છતા હી સેવાઅંતર્ગત ૬૦ વર્ષથી વધુ વયની મહિલાઓ માટે નિ:શુલ્ક તબીબી તપાસ કેમ્પ યોજાયોહતો. આ કેમ્પમાં નિષ્ણાત તબીબોની ટીમ સાથે આરોગ્યના વિવિધ વિભાગો પણ જોડાયા છે. જેમાં આંખ, કાન, નાક, ગળાની તપાસ, ગાયનેકોલોજીસ્ટ, સર્જરી, ત્વચારોગ, બાળરોગ, વિના મૂલ્યે આંખનું ઓપરેશન, સુગર ટેસ્ટ, દવાના સ્ટોલ થકી નિદાનઅને સારવાર પૂરી પાડ્વામાંઆવી હતી. જેમાં મોટી સંખ્યામાં સિનિયર સિટીઝન મહિલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે આરોગ્ય અધિકારી- કર્મચારીઓ, આશાવર્કર બહેનો, તબીબો, નર્સો, અગ્રણીઓ સહિત લાભાર્થી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ભૂગર્ભમાં સંગ્રહાયેલું વરસાદી પાણી દરેક પ્રકારના મિનરલ્સથી ભરપૂર હોવાથી સ્વાસ્થ્ય માટે ઉત્તમ’: કેન્દ્રીય મંત્રીશ્રી સી.આર.પાટીલ

‘જળસંચય જનભાગીદારી’ યોજના હેઠળ નર્મદ યુનિવર્સિટીના ૨૧૦ એકરના કેમ્પસમાં ૨૦૦થી વધુ વોટર રિચાર્જ બોરવેલ બનાવવાની કામગીરીનો પ્રારંભ કરાવતા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ

વરસાદી પાણીના સંગ્રહની સાથે ‘એક પેડ મા કે નામ’અભિયાન અંતર્ગત મહત્તમ વૃક્ષો રોપી-ઉછેરી પર્યાવરણ સુરક્ષાની અપીલ કરતાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે ‘જળસંચય જનભાગીદારી’ યોજના હેઠળ નર્મદ યુનિવર્સિટીના ૨૧૦એકરના કેમ્પસમાં ૨૦૦થી વધુ વોટર રિચાર્જબોરવેલબનાવ્વાનીકામગીરીનો પ્રારંભ કરાવ્યોહતો. પ્રથમપાંચ બોરવેલની કામગીરીનું તેમણે ખાતમુહુર્ત કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના ‘કેચ ધ રેઈન’ અભિયાન અંતર્ગત સુરતવાસીઓને વરસાદી પાણીના સંગ્રહનું મહત્વ સમજાવી પોતાના ઘર, સોસાયટીઓમાં વધુમાં વધુ બોરવેલબનાવી જળસંચય કરવાનીઅપીલકરી હતી. જેથી વિકાસ મોડેલ તરીકે પ્રખ્યાત ગુજરાત જળ સંચયમાં પણ મોખરે રહી દેશઅને નવી રાહ ચીંધી શકે.

જળસંચયને જનભાગીદારી યોજના ગણાવી તેમણે કહ્યુંકે, સરકારની મદદ સાથેનાગરિકો, સ્થાનિક સંસ્થાઓ અને ઉદ્યોગોના સામૂહિક પ્રયાસો મળી આવનારા વર્ષોમાંપાણીની અછતનીસમસ્યાને સંપૂર્ણ નિવારી શકાશે. શહેરની સાથે ગામોમાં પણ આ યોજનાના અમલથીવરસાદી પાણીને વહેતું અટકાવી ઘરોમાં અને ખેતરોમાંપાણીની તંગીની સમસ્યા હલ થશે. સાથે જ અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ જેવી કુદરતી આફતોમાંપણ પહોંચીવળાશે. વધુમાંમંત્રીશ્રીએ કહ્યું કે, દરેક ઘરમાં કે ઘરપાસે બોર બનાવીન્યુનત્તમ ૧ લાખ લીટર પાણીનો સંગ્રહ થઈ શકે છે. જે દૈનિક પાણીના વપરાશમાંઉપયોગી થઈ શકે છે. તો ગામમાં વરસાદી વ્હેણનું પાણીસંગ્રહ કરાતા કુવામાં પાણીનું જળસ્તર અને ગુણવત્તાબંન્નેસુધરે છે. તેમણેકહ્યું કે, ભૂગર્ભમાં સંગ્રહાયેલું વરસાદી પાણી દરેક પ્રકારના મિનરલ્સથી ભરપૂર હોય સ્વાસ્થ્ય માટે પણ ઉત્તમ છે. વધુપડતાંવરસાદથી શહેરના કેટલાક વિસ્તારોમાં ભરાતા પાણીની સમસ્યાને નિવારવા શહેરી વહીવટીતંત્રનેરોડની આજુબાજુનીજગ્યામાંમહત્તમ બોર બનાવવાટકોર કરીહતી. જેથીપાણી ભરવાની સમસ્યાની સાથે રસ્તાના ધોવાણને પણ અટકાવી રસ્તાઓને થતું નુકસાન ટાળી શકાય. વરસાદી પાણીના સંગ્રહની સાથે તેમણે ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગતમહત્તમવૃક્ષારોપણ કરવાઅપીલ કરી હતી. જેથી આવનારાવર્ષોમાં પાણીઅને વૃક્ષોના જતનથીપર્યાવરણનું સંતુલનજાળવી શકાય. આ પ્રસંગે સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલ, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, ડે.મેયર નરેન્દ્રભાઈ પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ, શાસકપક્ષ નેતાશ્રી શશીબેન ત્રિપાઠી, વીર નર્મદ યુનિ.નાકુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા, રજિસ્ટ્રારશ્રી આર.સી.ગઢવીસહિત યુનિ.નાપ્રાધ્યાપકો, અગ્રણી પરેશભાઈ પટેલ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ ખાતે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત ખાદી ભવનના નવનિર્મિત ખાદી ભવનનું ઉદ્‌ઘાટન કર્યું

સૌ કોઈ નાગરિકો અને યુવાનો ખાદી પ્રત્યે પ્રેરાય એ ઉદ્દેશી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નવનિર્મિત ખાદી ભવનમાંથી ખાદીની ખરીદી કરી

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ ઈક્મ ટેક્સ ચાર રસ્તા પાસે આવેલા સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત ખાદી ભવનના નવ નિર્મિત ભવનનું ઉદ્‌ઘાટન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ અવસરે સૌ કોઈ નાગરિકો અને યુવાનો ખાદી પ્રત્યે પ્રેરાય એ ઉદ્દેશી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ નવનિર્મિત ખાદી ભવનમાંથી ખાદીની ખરીદીપણ કરીહતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ખાદી ભવન ૫૯વર્ષ પૂર્ણ કરી ૬૦વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ ખાદી ભવનનું સૌપ્રથમ ઉદ્‌ઘાટન તત્કાલીન પ્રધાનમંત્રી લાલબહાદુર શાસ્ત્રીના હસ્તે ૬ માર્ચ ૧૯૬૫માં કરવામાં આવ્યું હતું. આ ખાદી ભવનને રીનોવેશનની જરૂરિયાત હોવાથી આ ખાદીભવનને વર્તમાન જરૂરિયાત મુજબ નવનિર્મિત કરવામાંઆવ્યું છે. આઉદ્‌ઘાટન પ્રસંગેઅમદાવાદનાં મેયર સુશ્રી પ્રતિભાબેનજૈન, એલિસબ્રીજના ધારાસભ્ય શ્રીઅમિત શાહ તેમજ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિરાજકોટના મંત્રી પરાગ ત્રિવેદી, પ્રમુખ હિંમતભાઈ ગોડા, ઉપપ્રમુખ વલ્લભભાઈ લખાણી ઉપસ્થિત રહ્યા હતા.

માંડ્વી તાલુકાના જામણકુવાના “સખી ટોક શો”માં સ્વચ્છતા સેલ્ફી પોઈન્ટમાં આદિજાતિ મંત્રી, પદાધિકારીઓ-અધિકારીઓએ સેલ્ફી લઈને સ્વચ્છતાનો સંદેશો આપ્યો



કમલમ્ ન્યુઝ, સુરત

“સ્વચ્છતા હી સેવા-૨૦૨૪”ના અભિયાન અંતર્ગત સુરત જિલ્લામાં પણ સરકારી કચેરીઓ, એન.જી.ઓ. સાથે મળીને જનજન સુધી સ્વચ્છતાનો સંદેશો પહોચવાના ધ્યેય સાથે ‘‘સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા’ ની થીમ જનભાગીદારી સાથેની ઉજવણી કરી રહી છે. જેના ભાગરૂપે માંડવી તાલુકાના જામણકુવા ગામે આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિની અધ્યક્ષતામાં યોજાયેલા સ્વચ્છતા હી સેવા અંતર્ગત ‘‘સખી ટોક શો”માં સ્વચ્છતા સેલ્ફી પોઈન્ટ ઉભો કરાયો હતો. સેલ્ફી પોઈન્ટમાં મંત્રી કુંવરજીભાઈ, જિ.પં.ના સભ્ય રોહિતભાઇ પટેલ, જિ. ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એમ.બી.પ્રજાપતિ, પ્રાંત અધિકારી કૌશિક જાદવ, તા. વિકાસ અધિકારી રવિન્દ્ર સોલંકી તથા અન્ય પદાધિકારી- અધિકારીઓએ સેલ્ફી લઈને સૌને સ્વચ્છતાનો પ્રેરક સંદેશ આપ્યો હતો.

રાજયના નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અદયક્ષસ્થાને વલસાડ્ના પારડીના મોતીવાડામાં ગરીબ કલ્યાણ મેળો યોજાયો

જિલ્લાના કુલ ૧૬૮૧ લાભાર્થીઓને કુલ રૂ. ૩,૭૮,૭૯,૦૭૩ની સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું

વલસાડ જિલ્લામાં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં મહિલા સશક્તિકરણના દર્શન થયા હોવાનું મંત્રીશ્રીએ હર્ષભેર જણાવ્યું

વર્ષ ૨૦૦૯ થી અત્યાર સુધીમાં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળાનો ૧ કરોડ ૬૬ લાખ લોકોએ લાભ લીધો હોવાનું જણાવતા મંત્રીશ્રી

ગરીબ કલ્યાણ મેળામાં સરકારની યોજનાનો સીધો લાભ લાભાર્થીને મળે અને લાભાર્થી સાથે સંપર્ક પણ થાય છેઃ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

કમલમ્ ન્યુઝ, વલસાડ

રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોતીવાડા ખાતે શ્રી દક્ષિણ વિભાગ કોળી સમાજની વાડીમાં ૧૪માં તબક્કાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. જેમાં વિવિધ કલ્યાણકારી યોજનાના કુલ ૧૬૮૧ લાભાર્થીઓને કુલ રૂ. ૩,૭૮,૭૯,૦૭૩ની સાધન સહાય ચૂકવવામાંઆવી હતી. આ પ્રસંગે રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જનમેદનીને સંબોધી જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી સમાજના દરેકવર્ગના લોકોનેરોજગારી મળે, આવક વધે તે માટે વાઈબ્રન્ટ ગુજરાત, શિક્ષણનું પ્રમાણ વધે તે માટે શાળા પ્રવેશોત્સવ, આરોગ્યલક્ષી સુવિધા ઘર આંગણે મળે તે માટે આયુષ્યમાન કાર્ડ- હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, આદિવાસી સમાજનો વિકાસ થાય તેમાટે વનબંધુ યોજના, માછીમાર સમાજના વિકાસ માટે સાગરખેડુ યોજના સહિતની અનેકવિધ કલ્યાણકારીયોજનાઓનો પ્રારંભ કરાવી સમાજના દરેક વર્ગના સર્વાંગી વિકાસનીયાત્રા શરૂ કરાવી હતી, જેને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આગળ વધારી રહ્યા છે. ગરીબ કલ્યાણ મેળાનું મહત્વ સમજાવતા મંત્રીશ્રી કનુભાઈએ વધુમાં જણાવ્યું કે, સરકારની યોજનાનો લાભ લાભાર્થીને સીધો મળે અને લાભાર્થી સાથે સીધો સંપર્ક થાય તેવા શુભ આશય સાથેગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૯માંગરીબોના જીવનને ગરિમામય બનાવતો અનોખો સેવાયજ્ઞ એટલે ગરીબ કલ્યાણ મેળાનોપ્રારંભ કરાવ્યોહતો. જેનો આજે ૧૪મો તબક્કોયોજાઈ રહ્યો છે. ૨૦૦૯ થી અત્યાર સુધીના મેળાનો ૧ કરોડ ૬૬ લાખ લોકોએ લાભ લીધો છે. મંત્રીશ્રીએ હર્ષભેર જણાવ્યું કે, આજે અહીં જિલ્લાના ૧૬૮૧ લાભાર્થીઓને કુલ રૂ. ૩ કરોડ ૭૮ લાખથી વધુની સહાય આપવામાં આવી છે. જેમાં પણ વિશેષ વાત એ છે કે, સૌથી વધુ લાભાર્થી મહિલાઓ છે. વડાપ્રધાનશ્રીએ મહિલા સશક્તિકરણની દિશામાંપહેલકરી સખી મંડળો, દૂધ મંડળીઓ, બહેનોના નામે મિલકત ખરીદી થાય તે માટે સ્ટેમ્પ ડ્યુટીની ફી માં માફી સહિતની અનેક મહિલા કલ્યાણલક્ષીયોજનાઓનો પ્રારંભ કરાવ્યોહતો, આજન કલ્યાણકારી યોજનાઓનું મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે કુશળ નેતૃત્વ કરી રહ્યા છે. મંત્રીશ્રી દેસાઈએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની કામગીરીને બિરદાવી ગુજરાતના વિકાસમાં સૌ પોતાનું યોગદાન આપે એવું આહવાન કર્યું હતું. આ ગરીબ કલ્યાણ મેળામાં મહિલા સશક્તિકરણના દર્શન થયા હતા. બહેનો આત્મનિર્ભર બને તે માટે તેઓને વધુપ્રાધાન્ય અપાયુ છે. કુલ ૧૬૮૧ લાભાર્થીમાંથી ૧૨૪૦ મહિલા લાભાર્થી હતાજ્યારે ૪૪૧ પુરૂષ લાભાર્થીહતા. લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે સાધન સહાય વિતરણ કરવામાં આવી હતી. વિવિધ યોજનાકીય લાભો અંગે લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા. બનાસકાંઠાના ડીસા ખાતે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્ય કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું જીવંતપ્રસારણ સૌએ નિહાળ્યું હતું. ગુજરાત સરકારની સિધ્ધિઓને દર્શાવતી શોર્ટ ફિલ્મ પણ સૌએ નિહાળી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, માજી જિલ્લાપંચાયત પ્રમુખ અલકાબેન શાહ, જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો. કરણરાજ વાઘેલા, પ્રોબેશનરી આઈએએસ પ્રસન્નજીત કૌર, નિવાસી અધિક કલેકટર અનસૂયા જહાં સહિત જિલ્લાના પદાધિકારીઓ, અધિકારીઓ અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતે કર્યું હતું. જ્યારે આભારવિધિ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી અશોક કલસરિયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તારેશ સોનીએ કર્યું હતું.

તંત્રી સ્થાનેથી......

ભારત વર્લ્ડ ટેલિકમ્યુનિકેશન સ્ટાન્ડર્ડાઈઝેશન એસેમ્બલી (ડબલ્યુટીએસએ-૨૦૨૪)ની યજમાનીમાટે કમર કસી રહ્યું છે, ત્યારે ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (ડીઓટી) ગુજરાત ફિલ્ડ યુનિટે ૨૬/૦૯/૨૦૨૪ના રોજ હૈદરાબાદમાં આયોજિત ડબલ્યુટીએસએ - ૨૦૨૪આઉટરીચ સત્રમાંવર્ચ્યુઅલ રીતેભાગ લીધોહતો. ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓઅને ૫જી લેબ સંસ્થાઓ વર્ચ્યુઅલ રીતેઆ સત્રમાં જોડાઈ હતી, જેનાથી વિદ્યાર્થીઓને ઉદ્યોગના નિષ્ણાતો સાથે સીધા જોડાવા અને અર્થપૂર્ણ આદાનપ્રદાન અને જ્ઞાનના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવા માટે એક વિશિષ્ટ પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. ડબલ્યુટીએસએ ૨૦૨૪ના આયોજન આંતરરાષ્ટ્રીય ટેલિકમ્યુનિકેશન યુનિયન (આઈટીયુ)ના૧૫૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમવખત ભારતમાં ૧૪થી ૨૪ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન આયોજન કરવામાં આવી રહ્યુંછે. જેમાં ૧૯૦થી વધુદેશોના વિશ્વનાનેતાઓ અનેટેલિકોમ ક્ષેત્રના નિષ્ણાતો ભાગલેશે. આઉટરીચ સેશન દરમિયાન આઈટીયુના અગ્રણી મહાનુભાવો, નેશનલ કોમ્યુનિકેશન એકેડમી, વરિષ્ઠ પ્રોફેસરો અને ટેલિકોમ ઉદ્યોગના અગ્રણી નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને ડબલ્યુટીએસએ, આઈટીયુ અને વૈશ્વિક કનેક્ટિવિટી અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવામાં ટેલિકોમ સ્ટાન્ડર્ડ્સની મહત્ત્વપૂર્ણ ભૂમિકા વિશે ચર્ચા કરી હતી. સત્રોમાંભારપૂર્વક જણાવવામાંઆવ્યું હતુંકે કેવીરીતે માનકીકરણ ૫૨ અને આગામી ૬૨જેવી ટેકનોલોજીના અમલીકરણને ટેકોઆપે છે, જે આંતરવ્યવહારિકતાસુનિશ્ચિત કરેછે અને વૈશ્વિક ટેલિકોમ્યુનિકેશન્સના ભવિષ્યને પ્રભાવિત કરેછે. આકાર્યક્રમમાં ૧૫૦થીવધુસહભાગીઓએ ઓનલાઈન ભાગ લીધો હતો, જેમાં ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી અને ૫જી લેબ સંસ્થાઓ અને ડીઓટી ગુજરાત ફિલ્ડ યુનિટ ઓફિસના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. આ સત્રોએ ગુજરાતના યુવા માનસને ટેલિકોમ ક્ષેત્રમાં ભારતના નેતૃત્વને આકાર આપવામાં ટેલિકોમ ધોરણોનું મહત્ત્વ સમજવાની અને ટેલિકોમના ભવિષ્યને આકાર આપવામાં તેઓ કઈ રીતે ફાળો આપી શકે તે સમજવાની તકપૂરી પાડીહતી. ડબ્લ્યુટીએસએ આઉટરીચસત્ર પછી, ટેલિકોમ્યુનિકેશન્સવિભાગ (ડીઓટી)એ ૫૨-૬૨હેકાથોન ૨૦૨૪ શરૂ કર્યું હતું, જે ભારતની વિશિષ્ટ જરૂરિયાતોને અનુરૂપનવીનતાઓ અને એપ્લિકેશનોને ઓળખવાઅને પ્રોત્સાહન આપવા માટેબનાવવામાં આવ્યું હતું, જે આગામીપેઢીની ટેલિકોમતકનીકોના વિકાસને પ્રોત્સાહન આપે છે. આ હેકાથોને વિવિધ સહભાગીઓને આકર્ષ્યા હતા, જેમાં સરકાર, શૈક્ષણિક અને ઉદ્યોગના ટેલિકોમ હિસ્સેદારોનો સમાવેશ થાય છે. હેકેથોનમાં ભાગ લેનારાઓનો ઉદેશ ૫૨, ૬૨ અને તેની સાથે સંબંધિત ટેકનોલોજીનીક્ષમતાનો ઉપયોગ કરીને ભારત-વિશિષ્ટ ઉપયોગનાં કેસો વિકસાવવાનો છે.

કમલમ્ ન્યુઝ,

સંતરામપુર તાલુકાના ભાણાસિમલ (માળી ફળિયા) મુકામે શ્રી શૈલેષભાઈ ચંપાભાઈ ડામોરના સુપુત્ર સ્વ. સચિનભાઈ શૈલેષભાઈ ડામોરના નિવાસ સ્થાને આયોજીત બેસણામાં કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબ હાજરી આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા અને તેમનાં પરિવારજનોને સાંત્વના પાઠવી. પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગતના દિવ્યાત્માને ચિર શાંતિ અર્પેએવી અંતઃકરણથીપ્રાર્થના.. આ તકે ખેડાપા ગામના સરપંચશ્રી, ઉખરેલી ગામના સરપંચશ્રી દિનેશભાઈ ડામોર, ભંડારા ગામના સરપંચશ્રી ભલાભાઈ ડિંડોર, નાનીક્યાર ગામના સરપંચશ્રી, ભમરી ગામના સરપંચશ્રી, કોતરા ગામના સરપંચશ્રી, સીમલીયા ગામના સરપંચશ્રી, પર્ટીના કાર્યકર્તાઓ, ગામના વડીલો સહિત પરિવારજનો ઉપસ્થિતરહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

સંતરામપુર તાલુકાનાખેડાપા શર્મી ફળિયા મુકામેશ્રી ભરતભાઈ પુંજાભાઈ પારગી, કાંતિભાઈ પુંજાભાઈપારગીઅને મનોજભાઈ પુંજાભાઈ પારગીના માતૃશ્રી સ્વ. નર્મદાબેન પુંજાભાઈ પારગીના નિવાસ સ્થાને આયોજીતબેસણામાં કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબ હાજરી આપીશ્રધ્ધાસુમન અર્પણ કર્યાઅને તેમના પરિવારજનોને સાંત્વના પાઠવી. પરમ કૃપાળુ પરમાત્મા સદ્ ગતના દિવ્યાત્માને ચિર શાંતિ અર્પે એવી અંતઃકરણથીપ્રાર્થના.. આતકે ખેડાપા ગામના સરપંચશ્રી, ઉખરેલી ગામના સરપંચશ્રી દિનેશભાઈ ડામોર, ભંડારા ગામના સરપંચશ્રી ભલાભાઈ ડિંડોર, નાનીક્યાર ગામના સરપંચશ્રી, ભમરી ગામના સરપંચશ્રી, કોતરા ગામના સરપંચશ્રી, સીમલીયા ગામના સરપંચશ્રી, પાર્ટીના કાર્યકર્તાઓ, ગામના વડીલો સહિત પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ, બીના પટેલ

ખંભાત સ્થિત સમસ્ત ખંભાત જૈન યુવા સંગઠન દ્વારા આયોજીત સેવા સેતુ (સરકારી યોજનાઓનો મેળો) કાર્યક્રમ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલે હાજરી આપી. આ સાથે શહેર સંગઠન પ્રમુખશ્રી પીનાકીનભાઈ બ્રહ્મભટ્ટ, નગરપાલિકાપ્રમુખ દિગ્વિજયસિંહ પરમાર, શ્રી અનિલભાઈ પટેલ સહિત જૈન સંગઠન આગેવાનો ઉપસ્થિત રહ્યા.



કમલમ્ ન્યુઝ, બીના પટેલ

બોરસદ શહેર સ્થિત સી.એમ.પાર્ક ખાતે જનમંગલ જવેલર્સ ના એકઝીબીશનના શુભારંભ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલે હાજરી આપી.

સાબરકાંઠા જિલ્લાના ઈડર એપીએમસી સાપાવાડા ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાયો

ગરીબના ઘરે અચાનક હોસ્પિટલ ખર્ચ આવે ત્યારે તેણે પોતાના ઘર કે દાગીના ગીરવે મુકાવ પાડતાં જ્યારે આજે આયુષ્યમાન કાર્ડ થકી તેઓ ચિંતા મુક્ત બન્યાઃ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા

જિલ્લાના ૧૩૪૪ લાભાર્થીઓને રૂ. ૨.૧૩ કરોડની રકમના સાધન સહાય સ્ટોલના માધ્યમથી વિતરણ કરાયું

કમલમ્ન્યુઝ, હિંમતનગર

સાબર કાંઠાજિલ્લાના ઈડર સાપાવાડા એપીએમસીમાં જિલ્લાકક્ષાનો ગરીબકલ્યાણ મેળો સામાજિક ન્યાય અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાની અધ્યક્ષતામાંયોજાયો.

આ કાર્યક્રમ મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળાથકી આજે ગુજરાતના અનેક ગરીબ લોકોના જીવનમાં ગુણવત્તા યુક્ત સુધારા આવ્યા છે. પોતાના વિભાગની વાત કરતા જણાવ્યું કે આજે ગાંગા સ્વરૂપ યોજના થકી રાજ્યની ગરીબ વિધવા બહેનોને સહારો મળ્યો છે. જ્યારે આયુષ્યમાન કાર્ડ થકી ગરીબ લોકોને રૂ. દસ લાખની આરોગ્ય સહાય આપવામાં આવી છે. ગરીબના ઘરે અચાનક હોસ્પિટલ ખર્ચઆવે ત્યારે તેણે પોતાના ઘર કે દાગીના ગીરવે મૂકવાનો વારો આવતો. આજે આ લોકો આયુષ્યમાન કાર્ડ થકી ચિંતા મુક્ત બન્યાછે. વધુમાં તેમણે ઉમેર્યુ કે, સામાજિક ન્યાયઅને અધિકારીતા અને મહિલાબાળ વિકાસ વિભાગ અંતર્ગત અનેક યોજનાઓ અમલમાં છે. માતા અને બાળ પોષણ અંગે મહત્વની જાણકારી આપી સાબર કાંઠાજિલ્લા પંચાયત દ્વારાખેડબ્રહ્મા તાલુકાના ધોઈ ખાતે ચલાવવામાં આવતા ખાસ પોષણ અભિયાન માટે જિલ્લા વિકાસ અધિકારી શ્રી અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. માતા અને બાળકના પોષણ સાથે કિશોરીઓના પોષણ અને શિક્ષણની ચિંતા કરવાની છે. આજનું બાળક આવતી કાલનો નાગરિક છે. ઈડર ધારાસભ્ય શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી એ શરૂ કરેલા આ ગરીબ કલ્યાણ મહાયજ્ઞમાં આજ સુધીમાં ૨૫ લાખથી વધુ ગરીબ લોકોને ગરીબી રેખા થી ઉપર આવ્યા છે. ગરીબોને રોજગારી મળી છે. વ્યવસાય મળ્યો છે. સાબર કાંઠા જિલ્લાના લાભાર્થીઓને ૬૬ કરોડની સહાય મળી છે. આ પ્રસંગે અગ્રણી શ્રી ગજેન્દ્રસિંહ સકસેનાએ જણાવ્યું કે, આ સરકાર ગરીબોની સરકાર છે આ મેળાઓ થકી અનેક લોકોને રોજગારલક્ષી કીટ આવકનું સાધન ઉભુ થતા તેમના જીવન ધોરણ ઉંચા આવ્યા છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરાએ આ ગરીબ કલ્યાણ મેળામાં સૌને આવકારતા જણાવ્યું કે, સાબર કાંઠા જિલ્લાના કુલ ૨૩,૫૦૪ લાભાર્થીઓને ચેક, કીટ અને સાધન સહાય રૂપે રૂ. ૬૬,૧૭,૫૬,૮૫૧/- નો લાભ લાભાર્થીઓએ હાથો હાથ અપાયો છે. જેમાં મેળા પહેલાં ૨૧,૦૭૦ લાભાર્થીઓને લાભ વિતરણ થયો જેની અંદાજીત રકમ રૂ?. ૬૩,૯૫,૬૦,૭૫૫/-છે. જ્યારે મેળા દરમ્યાન બાકી રહેલા ૧૩૪૪ લાભાર્થીઓને લાભ વિતરણ થશે. જેની અંદાજીત રકમ રૂ?. ૨,૧૩,૫૯,૮૯૬/-નો લાભ લાભાર્થીઓને અહી સ્ટોલના માધ્યમથી કરાશે. આ કાર્યક્રમમાં મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં બનાસકાંઠાના ડીસા ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સૌએ નિહાળ્યું હતું. જિલ્લાના લાભાર્થીઓને મહાનુભવોના હસ્ત વિવિધ કીટ વિતરણ કરાયું હતું. તેમજ મેળામાં સ્ટોલના માધ્યમથી લાભાર્થીઓને લાભ વિતરણ કરાયો હતો. મહાનુભવોના હસ્તે સાબર કાંઠા જિલ્લા પંચાયત દ્વારાપ્રસિધ્ધ કરાતા ઈ- પ્રજાસેતુમાસિક મેગેઝીન અને યુવા પહેલ કવિઝી ... કોફીટેબલ બુકનુ વિમોચન કરાયુ હતું. આ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલ, હિંમતનગર ધારાસભ્ય શ્રી વી. ડી ઝાલા, પ્રાંતિજ ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, ઈડર નગરાલિકા પ્રમુખ શ્રી કાંતિભાઈ, અગ્રણી કનુભાઈ પટેલ, મહિલા બાળ વિકાસ સમિતિના ચેરપર્સન શ્રીમતી લીનાબેન નિનામા, ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી પાટીદાર, અમલીકરણ અધિકારી અને સ્થાનિક પદાધિકારીઓ તથા લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

માનક મહોત્સવના ભાગરૂપે વિશ્વ માનક દિવસના અવસરે ભારતીય માનક બ્યુરો, અમદાવાદ દ્વારા વિદ્યુત નિરીક્ષક કચેરી, ગુજરાત રાજ્યના અધિકારીઓ માટેસંવેદીકરણ કાર્યક્રમ અને માનક મંથનનુંઆયોજન

ભારતીય માનક બ્યુરો (ૈંજી) એ આપણા દેશની રાષ્ટ્રીય માનક સંસ્થા છે જે ૈંજી એક્ટ ૨૦૧૬ હેઠળ અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોને આવરી લેતા ઉત્પાદનો, પ્રક્રિયાઅને સેવાઓમાટે ભારતીય માનકોને ઘડવા માટે ફરજિયાત બનાવામાં આવ્યું છે અને અનુરૂપ મૂલ્યાંકન યોજનાઓ ઘડવાતેમ જ અમલ કરવા માટે પણ જવાબદાર છે, જે માનકોના અમલીકરણનો અને ગુણવત્તાનાપ્રમાણીકરણ પર દેખરેખ રાખે છે. ૈંજી અમદાવાદ દ્વારા ૨૬મીસપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ૫.ઈ.ૈ કોલોની કોન્ફરન્સ હોલ, થર્મલ પાવર સ્ટેશન, ગાંધીનગર ખાતે વિદ્યુત નિરીક્ષક કચેરી, ગુજરાત રાજ્ય ના અધિકારીઓ માટેસંવેદીકરણ કાર્યક્રમ અને ડ્રાફ્ટ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ૈંજી ૬૯૪ "પીવીસી કેબલ" પર માનકમંથનનું મુખ્ય વિદ્યુત નિરીક્ષકની હાજરીમાં આયોજન કરવામાં આવ્યું હતું. કેબલ ઉત્પાદકોનું પ્રતિનિધિત્વકરતા ૫૦ થી વધુ સહભાગીઓ, વિદ્યુત નિરીક્ષક કચેરીના અધિકારીઓ અને ગુણવત્તાવાળા વ્યક્તિઓએ એ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને મૂલ્યવાન પ્રતિસાદ/સૂચનો આપ્યા હતા. માનક મંથન એ નવા ઘડવામાંઆવેલા ભારતીય માનકો અથવાવ્યાપક પરિભ્રમણ હેઠળના માનકો પર ચર્ચા કરવા માટે, દર મહિને ૈંજી દ્વારા આયોજિત કરવામાં આવતો એક કાર્યક્રમ છે. વધુમાં, ૈંજી નિયમિતપણે વિવિધ વિભાગોના જિલ્લા અને રાજ્ય અધિકારીઓ માટે સંવેદીકરણ કાર્યક્રમોનું આયોજન કરે છે. ડ્રાફ્ટ ૈંજી ૬૯૪ ફ્ઝ કેબલ્સ માટેની તકનીકી આવશ્યકતાઓનેસ્પષ્ટ કરે છે, જે લગભગ દરેકજગ્યાએ ઉપયોગમાં લેવાતું ખૂબ જ સામાન્ય ઉત્પાદન છે. સલામતી, ગુણવત્તાઅને ટકાઉ વિકાસને સંબંધિત ક્ષેત્રોમાં નવીનતમ વિકાસને ધ્યાનમાં રાખીને ઉપરોક્ત ડ્રાફ્ટ સ્ટાન્ડર્ડ ઘડવામાં આવ્યા છે. ડ્રાફ્ટ સ્ટાન્ડર્ડ વિવિધ પ્રકારના પીવીસી કેબલ્સની કામગીરીની લાક્ષણિકતાઓને સંબોધે છે. શ્રી સુમિત સેંગર, ૈંજી, અમદાવાદના નિદેશક અને પ્રમુખ એ તેમની સક્રિય ભાગીદારી અને મૂલ્યવાન સૂચનો માટે તમામ શ્રોતાઓનો આભાર માન્યો હતો. તેમણે માહિતીઆપી હતીકે આવા સૂચનો આપણાભારતીય માનકોને વધુ મજબૂતબનાવે છે, જે અંતિમ વપરાશકર્તા અનેહિસ્સેદારો બંનેને મદદરૂપ છે. માનકમાં જરૂરી ફેરફારોનેસામેલ કરવામાટે ૈંજીની ટેકનિકલ કમિટી સાથેસંપર્ક કરવા માટે અને માનકો પરની ટિપ્પણીઓ, અમને અમારા ઈમેલ આઈડી :ફર્ર્જહૈજ.પ્દ્.હ પર મોકલીશકાય છે.

સંચાર-ક્રાંતિ, માહિતી ટેકનોલોજી અને નવીનતાની ભાષા તરીકે હિન્દી નવી દિશાઓ રચી રહી છે - પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

હિન્દીના વિકાસમાં પોસ્ટ વિભાગની મહત્વપૂર્ણ ભૂમિકા - પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે હિન્દી પખવાડા દરમિયાન યોજાયેલી સ્પર્ધાના વિજેતાઓને અમદાવાદમાં કર્યા સન્માનિત

કમલમ્ ન્યુઝ,

હિન્દી એ એક એવી ભાષા છે, જેનાદ્વારાસમાજનો દરેક વર્ગ સરળતાથી પોતાની ભાવનાઓ અને વિચારોને એકબીજાની પાસે પહોંચાડી શકે છે. હિન્દીના વિકાસ માં પોસ્ટ વિભાગની મહત્વપૂર્ણ ભૂમિકા છે, જેમાં પત્રોએસારી રીતે યોગદાન આપ્યું છે. જે રીતે પોસ્ટ વિભાગ દેશભરના લોકોને જોડવાનું કાર્ય કરે છે, તે જ રીતે હિન્દી પણ સંવાદના વાહક તરીકે ૧૪૦ કરોડ લોકોને જોડવાનું કાર્ય કરે છે. રાજભાષાતરીકે હિન્દીઆ અમૃત કાળમાં સંચાર-ક્રાંતિ, માહિતી ટેક્નોલોજીઅને નવીનતામાટે નવી દિશાઓ રચીરહી છે. આ વિચારો ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદનાપોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ૨૭ સપ્ટેમ્બરએ પોસ્ટ વિભાગ દ્વારા આયોજિત હિન્દીપખવાડા સન્માન સમારોહની અધ્યક્ષતાકરતાં વ્યક્ત કર્યા. આ પ્રસંગે પોસ્ટમાસ્ટર જનરલએ હિન્દી પખવાડા દરમિયાન આયોજિત વિવિધ સ્પર્ધાઓના ૩૨ વિજેતાઓને સન્માનિત કર્યા. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, લોકભાષા અને જનભાષા તરીકે હિન્દી ભારતીય સમાજના મોટા હિસ્સાનું પ્રતિનિધિત્વ હજારો વર્ષોથી કરી રહી છે.

૭૫ વર્ષ પહેલા ભારતની સંવિધાન સભાએ પરંપરા, સંસ્કૃતિ, સભ્યતા અને સ્વતંત્રતાના ભાવની વાહક હિન્દીને સંઘની રાજભાષા તરીકે માન્યતા આપી હતી. હિન્દી આજે માત્રભારતમાં જનહીં, પરંતુ વૈશ્વિક સ્તરે પણ પોતાની ઓળખ બનાવી રહીછે. વૈશ્વિક સ્તરે હિન્દી બોલનાર અને સમજનારની સંખ્યા ૧ અબજ ૪૦ કરોડ છે. આ આધાર પર જોવામાં આવે તો ૨૦૩૦ સુધીમાં દુનિયાનો દરેક પાંચમો વ્યકિત હિન્દી બોલતો હશે. આજે અમૃત કાળમાંઆ બાબતની જરૂર છે કે તેનાપ્રચાર અને વિકાસ માટે, આપણે તેને સરકારી કાર્યક્રમોમાં તેમજ આપણી દિનચર્યામાં સામેલ કરીએ અને આવનારી પેઢીને પણ આ તરફ પ્રેરિત કરીએ. ડાક સેવા નિર્દેશક સુશ્રી મીતા કે. શાહે જણાવ્યું કે, પોસ્ટ વિભાગ દ્વારા હિન્દી પખવાડા દરમિયાન હિન્દી નિબંધલેખન, હિન્દીકાવ્ય પઠન, હિન્દી વ્યાકરણ,હિન્દી પ્રશ્નોત્તરી, હિન્દીથી અંગ્રેજી અને અંગ્રેજીથી હિન્દી અનુવાદ, હિન્દી અંતાક્ષરી સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવ્યું, જેમાં તમામ કર્મચારીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને હિન્દી પખવાડાને સફળ બનાવવામાં યોગદાન આપ્યું હિન્દી પખવાડા દરમિયાન આયોજિત વિવિધ કાર્યક્રમોના વિજેતાઓને પોસ્ટમાસ્ટર જનરલ શ્રીકૃષ્ણ કુમાર યાદવ દ્વારા સન્માનિત કરાયા. હિન્દી નિબંધ લેખન સ્પર્ધામાં હાર્દિક કુમાર સાલવી, સિદ્ધાર્થ રાવલ, રાકેશ કુમાર જ્યોતિશી, હિન્દીકાવ્ય પઠન સ્પર્ધામાં સૌરભ કુમાવત, મનીષા બગાની, હાર્દિક કુમાર સાલવી, હિન્દી પ્રશ્નોત્તારી સ્પર્ધામાં રઘુવીર સિંહ રાજપુરોહિત, સિદ્ધાર્થ રાવલ, કનૈયાલાલ શર્માને શ્રેણીવાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય પુરસ્કારથી સન્માનિત કર્યા. તે જ અનુસંધાને હિન્દી વ્યાકરણ સ્પર્ધામાં રઘુવીર સિંહ રાજપુરોહિતને પ્રથમ, યોગેશ અગ્રવાલને દ્વિતીય, સાચિન પટેલ, નિર્મલ કુમાર, મૌલિક દવે, નેહલ પટેલને તૃતીયપુરસ્કાર આપવામાં આવ્યો. હિન્દીથી અંગ્રેજી અને અંગ્રેજીથી હિન્દીઅનુવાદ સ્પર્ધામાં કનિકા અગ્રવાલને પ્રથમ, મૌલિક દેસાઈને દ્વિતીય, યોગેશ અગ્રવાલ, હાર્દિક કુમાર સાલવી, સાચિન પટેલને તૃતીયપુરસ્કાર આપવામાં આવ્યો. હિન્દી અંતાક્ષરી સ્પર્ધામાં શ્રેયસ પટેલ, મૌલિક ડાભી, નિશા પટેલ, મનીષા બગાનીને પ્રથમ, દર્શન ભરવાડ, યોગેશ પંચોલી, ચિરાયુ વ્યાસ, નિર્મલ કુમારને દ્વિતીય, કનૈયાલાલ શર્મા, રાજેશ કુમાર, દિનેશ પ્રજાપતિ, કનિકા અગ્રવાલને તૃતીય પુરસ્કાર આપવામાં આવ્યો. કાર્યક્રમનું સંચાલન શ્રી સૌરભ કુમાવત, સ્વાગત ભાષણ સહાયક નિર્દેશક સુશ્રી એમ.એ. પટેલઅને આભાર વિધિ સહાયક નિર્દેશક (રાજભાષા) શ્રી એમ. એમ. શેખે કર્યુ. કાર્યક્રમમાંનિર્દેશક ડાકસેવા સુશ્રી મીતા કે.શાહ, સહાયક નિર્દેશક શ્રી રિતુલગાંધી, લેખાધિકારી શ્રી પંકજ સ્નેહી, સહાયક અધ્યક્ષ શ્રી જિમેશ પટેલ, શ્રી રમેશ પટેલ, શ્રી આર. ટી. પરમાર, શ્રી રોનક શાહ, ડાક નિરીક્ષક સુશ્રી પાયલ પટેલ, શ્રી ભાવિન પ્રજાપતિ, શ્રીયોગેન્દ્ર રાઠોડ અને અન્ય ઘણા અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

બાયોટેકનોલોજી વિભાગે "સામૂહિક ધોરણે સ્વચ્છતા અભિયાન" હાથ ધર્યું

કમલમ્ ન્યુઝ,

બાયોટેકનોલોજી વિભાગે "સામૂહિક ધોરણે સ્વચ્છતા અભિયાન"હાથ ધર્યું હતું જેમાં વિભાગના સેંકડો કર્મચારીઓએ ભાગ લીધો હતો. "આપણા રાષ્ટ્રને સ્વચ્છ રાખો" પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે, DBTના કર્મચારીઓએ દયાલ સિંહ કોલેજ, લોધી રોડ, નવી દિલ્હી પાસેના બજાર વિસ્તારમાં સફાઈ કરી. બાયોટેકનોલોજી વિભાગના સેક્રેટરીએ આ વ્યાપકસ્વચ્છતા અભિયાનનુંનેતૃત્વ કર્યું હતું. જોઈન્ટ સેક્રેટરી, ડીબીટીએ સ્ટાફનેખાસ કરીને બ્લેક સ્પોટ વિસ્તારમાં ઊંડી સફાઈ કરવા પ્રેરિત કર્યા. તેમણે બજારમાં અને આસપાસના લોકોને સ્વચ્છતાના ફાયદાઓથી વાકેફ કર્યા અને "ના ગંદગી ફૈલાયેંગે, ના ફૈલાને દેંગે"પર પ્રતિબદ્ધતામાટે પ્રેરિત કર્યા. દેશને સ્વચ્છ અને હરિયાળોબનાવવાના ખ્યાલ સાથે, ઙ્મ સચિવ અને અન્ય અધિકારીઓ દ્વારાનવી દિલ્હીના ત્નન્દ્ર સ્ટેડિયમમેટ્રો સ્ટેશન પાસે "એક પેડ માકે નામ" કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણની પ્રવૃત્તિનુંપણ આયોજન કરવામાં આવ્યુ હતુ. વરિષ્ઠ અધિકારીઓ દ્વારા સમયાંતરે આ અભિયાનપર નજર રાખવામાં આવે છે. આ ઉપરાંત ઙ્મના સંયુક્ત સચિવે DBT અને તેની સ્વાયત્ત સંસ્થાઓ અને PSUsના વિભાગો/વૈજ્ઞાનિકકેડર એકમોદ્વારા જાહેર કરાયેલ પ્રવૃત્તિઓની તૈયારી/અમલીકરણની પ્રગતિ અંગે સમીક્ષા બેઠક કરવામાં આવી.

ભારતીય મહાસાગર રિમ એસોસિએશન સેમિનાર

કમલમ્ ન્યુઝ,

ઈન્ડિયન ઓશન રિમ એસોસિએશન (IORA)ની બીજીઆવૃત્તિ ગેરકાયદેસર, અનરિપોર્ટેડ અને અનરેગ્યુલેટેડ (IUU) ફિશિંગ પર સેમિનાર ૨૫ સપ્ટેમ્બર ૨૪ના રોજ ગોવા ખાતે નેવલ વોર કોલેજમાં યોજવામાંઆવ્યોહતો. સેમિનારમાં હિંદ મહાસાગર પ્રદેશ (IOR)માં IUU માછીમારીપ્રવૃત્તિઓ, આર્થિક, પર્યાવરણીય અને સુરક્ષાડોમેનમાં તેની અસરો અને આ પ્રવૃત્તિઓનો સામનો કરવામાં કાયદાકીય અડચણોની સમીક્ષા કરવામાંઆવી હતી, જેનો IORA સભ્ય દેશો દ્વારાઅનુસરવામાં કરવામાંઆવી શકે છે. ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ફ્રાન્સ, ઈન્ડોનેશિયા, કેન્યા, મડાગાસ્કર, મોઝામ્બિક, મલેશિયા, માલદીવ્સ, મોરેશિયસ, ઓમાન, સોમાલિયા, દક્ષિણ આફ્રિકા, સેશેલ્સ, શ્રીલંકા, થાઈલેન્ડ અને તાંઝાનિયા સહિતના 17 IORA દેશોના પ્રતિનિધિઓએ IORમાં IUU ફિશિંગનો સતતવધતો ખતરાનો સામનો કરવામાટે મુદ્દાઆધારિત ચર્ચામાં ભાગ લીધો હતો.

નર્મદા: રાજપીપલા ખાતે ભાજપ દ્વારા રાહુલ ગાંધીના અનામત અંગેના નિવેદન નો વિરોધ

સાંસદ સભ્ય મનસુખભાઈ વસાવા ની હાજરીમાં ધરણા કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ, શૈશવ રાવ

તાજેતરમાં અમેરિકામાં પ્રવાસ દરમ્યાન કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ અનામત વિરોધી નિવેદન કરી SC/ST અને ઓબીસી સમાજ વિરુદ્ધ કોંગ્રેસની માનસિકતા જાહેર કરી છે, ત્યારે અનામત વિરોધી કોંગ્રેસને ખુલ્લી પાડવા માટે સર વિનાયક રાવ વૈદ્ય ગાર્ડન રાજપીપલા ખાતે બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહારકરી જિલ્લા કક્ષાના ધરણા વિરોધ પ્રદર્શન નોંધાવ્યો! બાબા સાહેબને કોંગ્રેસના તે સમયના નેતાઓએ દબાવીને રાખવાનું કામ કર્યુ હતું. બાબા સાહેબની નીડરતાના કારણે s OBC,ST અને SC સમાજના ઉત્થાન માટે બંધારણમાં અનામતની જોગવાઈઓ થઈ. કોંગ્રેસના ચાવવાના અને દેખાડવાના દાંત જુદાં-જુદાં છે. બીજી તરફ દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી અનામતની તરફેણમાં જ છે. દેશમાં પારદર્શક વહીવટ થઈ રહ્યો છે. ગરીબ સમાજનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. 'સહુનો સાથ અને સહુનો વિકાસ' એ મૂળમંત્ર લઈને ભાજપ ચાલે છે. બીજી તરફ આજે અનામત વિરોધીઓ અપ પ્રચાર કરી રહ્યા છે. ખોટો પ્રચાર કરી પ્રજાને ગેરમાર્ગે દોરી રહ્યા છે. રાહુલ ગાંધી જેવાં રાષ્ટ્રવિરોધી નેતાઓ અનામતનો વિરોધ કરી રહ્યા છે. ચોર શાહુકારને દંડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. ત્યારે કાઉન્ટર કરવાની આપણા બધાંની જવાબદારી છે. ધરણાંના કાર્યક્રમમાં નાંદોદ વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન દેશમુખ, જિલ્લા પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી નીલકુમાર રાવ, જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંગભાઈ તડવી, હર્ષદભાઈ વસાવા, શંકરભાઈ વસાવા, અનિરુદ્ધસિંહજી ગોહિલ, શ્રી સુરેશભાઈ વસાવા, શ્રેયાંશભાઈ, માજી પંચાયત જિલ્લા પ્રમુખ શ્રીમતી પર્યુષાબેન, પ્રમુખ અરવિંદભાઈ પટેલ, શ્રવણભાઈ તડવી, મહેશભાઈ તડવી, જગદીશભાઈ, સંકેતભાઈ, ડો.ધવલભાઈ તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દાહોદ જિલ્લાના પીપળીયા મુકામે તોરણી પ્રાથમિક શાળામાં ધોરણ - ૧ માં અભ્યાસ કરતી વિધાર્થીની સ્વ. ધ્રુવીક્ષાબેન ઈશ્વરભાઈ બારિયાનું શાળાના આચાર્યશ્રી દ્વારા દુષ્કર્મ આચર્યુ હતું અને બાળકીનું શાળા કેમ્પસમાં મૃત્યુ થતાં તેઓના નિવાસ સ્થાને આયોજીત બેસણામાં દાહોદ જિલ્લા પ્રભારી મંત્રી અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબે હાજરી આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા અને તેમનાં પરિવારજનોને સાંત્વના પાઠવી.પરમ કૃપાળુ પરમાત્મા સદગતના દિવ્યાત્માને ચિરશાંતિ અર્પે એવી અંતઃકરણથી પ્રાર્થના.. આ તકે દાહોદના સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર, લીમખેડાના ધારાસભ્યશ્રી શૈલેષભાઈ ભાભોર, દાહોદ જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પ્રાંત અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસઅધિકારીશ્રી, મહિસાગર જીલ્લા મહામંત્રીશ્રી રાવજીભાઈ પટેલ, સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, વહિવટી અધિકારીઓ, ગામના વડીલો સહિત પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગોકુલધામ નાર ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું. આ અવસરે સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકી, જિલ્લા પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, જિલ્લા પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, જિલ્લા મહામંત્રીશ્રી રણજીતસિંહ ચૌહાણ, જિલ્લા કલેકટરશ્રી પ્રવીણભાઈ ચૌધરી, ડેપ્યુટી કલેકટરશ્રી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ સહિત લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

ડાંગના લવચાલી રેન્જમા સમાવિષ્ટ કરંજડા ખાતે મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે "વન કવચ"નું લોકાર્પણ કર્યુ

એક હેક્ટર વિસ્તારમા ૫૮ જાતના કુલ દસ હજાર વૃક્ષોનુ વાવેતર કરાયુ

કમલમ્ ન્યુઝ, આહવા

ડાંગ જિલ્લાના પ્રવાસે આવેલા રાજ્ય મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે (વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ) સુબીર તાલુકાની લવચાલી રેન્જમાં સમાવિષ્ટ કરંજડાખાતે, જિલ્લાની પ્રકૃતિને માણવા આવતા પર્યટકો માટે નવા નજરાણા સમાન "વન કવચ" નુ લોકાર્પણ કર્યુ હતુ. વૃક્ષોના જતન સંવર્ધન માટે "વન કવચ" એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેકટ પૈકીનો એકમહત્વનો ભાગછે. ટુક સમયમા ઝડપથી અને ખાસ કરીને પ્રવાસન કે અર્બન એરીયામા વન ઉભુ કરી શકાય તે માટે જાપાનીસ મિયાવાકી પદ્ધતિનો ઉપયોગ કરીને "વન કવચ" તૈયાર કરવામા આવે છે.

જેમા મિયાવાકી પદ્ધતિનો ઉચ્ચસ્તરીય, મધ્યમસ્તરીય અને નિમ્ન સ્તરીય એવી રીતે વૃક્ષોની જાતો પસંદ કરીને તેનુ વાવેતર કરવામાં આવે છે. તેમ મંત્રીશ્રીએ આ વેળા જણાવ્યુ હતુ. વન કવચ એ એક એવીપદ્ધતિ છે, જેની શોધ જાપાનીસ વનસ્પતિશાસ્ત્રી દ્વારા કરવામા આવી છે. જેઓ છોડના ઈકોલોજી, બીજ, અને કુદરતી જંગલોના અભ્યાસના નિષ્ણાંત છે. તેઓ અધોગતિશીલ જમીન પર, કુદરતી વનસ્પતિની પુનઃસ્થાપનાના નિષ્ણાંત તરીકે વિશ્વભરમા સક્રિય છે. જે ટુકા સમય ગાળામા મૂળ પ્રજાતિના જંગલો બનાવવામા મદદ કરે છે. આ પદ્ધતિમા એક જ વિસ્તારમા શક્ય તેટલુ નજીક વૃક્ષોનુ (ફક્ત મૂળ પ્રજાતિઓ) વાવેતર કરવામા આવે છે. જે ન ફક્ત જગ્યા બચાવે છે, પરંતુ વાવેતર કરેલા રોપાઓ, એકબીજાની વૃદ્ધિ અને સુર્યપ્રકાશને જમીન પર પહોચવામા પણ મદદ કરે છે. તથા નિંદણના વિકાસને પણ અટકાવે છે. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની સુચના મુજબ, ઉત્તર ડાંગ વન વિભાગની લવચાલી રેંજમા આવતા કરંજડા ગામનજીક આર.એફ.કંમ્પાર્ટમેન્ટ નં.૨૭મા "વન કવચ" બનાવવામા આવ્યુ છે. આ "વન કવચ" કુલ એકહેક્ટર વિસ્તારમા ફેલાયેલુ છે. અહિં કુલ ૫૮ જેટલી વૃક્ષોની જાતોના ૧૦ હજાર જેટલા રોપાઓનુ વાવેતર કરવામા આવ્યુ છે. "વન કવચ"ના વૃક્ષો અંગે લોકોની સમજ માટે નકશા સાથે ટુંકીનોંધની તકતીઓ પણ મુકવામા આવી છે.

ટુંક સમયમા ઝડપથી ખુલ્લા વિસ્તારને વન વિસ્તારમા ફેરવી શકાય, અને નાના નાના વનોથકી, વનોની ગીચતામા વધારો કરી શકાય તે હેતુ થી "વન કવચ"નુ વાવેતર ખુબ જ સફળકારક છે. સુબીર તાલુકામા આવેલા શબીર ધામ, પંપા સરોવર, ગીરમાળ ધોધ તેમજ ડોન જેવા પ્રવાસન સ્થળોએ આવતા પર્યટકો માટે, ઉત્તર ડાંગ વન વિભાગ દ્વારા "વન કવચ"નુ આ નવુ આકર્ષણ ઉમેરવામા આવ્યુ છે. આ 'વન કવચ'નો હેતુ લોકોમા વનપ્રત્યે જાગૃતિ વધારવાનો, અને વન પ્રત્યે લોકોમા અભિરુચી કેળવવાનો છે. આ "વન કવચ" થકી જૈવ વિવિધતામા વધારો થશે, અને પક્ષીઓમાટે પણ નવુ આશ્રય સ્થાન લભ્ય બનશે. આ પ્રસંગે વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, સુબીર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતીરવીનાબેન ગાવિત, ઉપ પ્રમુખ શ્રી રઘુનાથ સાવળે, પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રી શ્રી સુભાસ ગાઈન, દહેર રાજવી શ્રી તપતરાવ પવાર સહિત જિલ્લા કલેકટર શ્રીમહેશ પટેલ, મુખ્ય વન સંરક્ષાક સર્વશ્રી મનેશ્વર રાજા અને શશી કુમાર, નાયબ વન સંરક્ષાકો સર્વશ્રી રવિ પ્રસાદ, અને દિનેશ રબારી, મદદનીશ વન સંરક્ષક સર્વશ્રી નિલેશ પંડ્યા, અને કેયુર પટેલ તેમજ જિલ્લાની વિવિધ રેંજના આર.એફ.ઓ., વન કર્મીઓ, સ્થાનિક વન મંડળીના પ્રમુખ/મંત્રીઓ તેમજ મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદિર ભિલોડામા વય નિવૃત્ત થતાં બે શિક્ષકો નો સન્માન કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,

માતૃશ્રીઆર.જે.તન્ના પ્રેરણા મંદિર ભિલોડા ખાતે N.S.S ના ઉદઘાટન કાર્યક્રમ સાથે શાળા માંથી વય નિવૃત થતા બે શિક્ષકોનો સન્માન કાર્યક્રમ પણ યોજાયો હતો, જેમાં દિનેશભાઈ રૂગનાથભાઈ ચૌધરી કે જેવો સંસ્થામાં ૧૯૮૯ થી જોડાયા હતા અને વ્યાયામ શિક્ષક તરીકે અનેક ખેલાડીઓને રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ તેમજ અનેક પારિતોષિકો અપાવી શાળાને ગૌરવ અપાવ્યું છે સાથે N.C.C ઓફીસર તરીકે અનેક કેડેટો ને મેડલો અપાવી તેમનામાં રાષ્ટ્રચેતના નું નિર્માણ કર્યુ છે.

બીજા શિક્ષક હરેશ કુમાર જે ભાવસાર જેઓ ૧૯૯૬ માં ઉદ્યોગ શિક્ષક તરીકે આ સંસ્થામાં જોડાયા હતા. તેમને શિક્ષણની સાથે ઈલેકટ્રીક ગેજેટ્સ ના પોતાના વિષયમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે તથા N.S.S ના પ્રોગ્રામ ઓફિસર તરીકે વિદ્યાર્થીઓમાં સેવા ભાવના નું સિંચન કર્યુ છે.. બંને શિક્ષકોનું સન્માન અધિક નિવાસી કલેકટર જે.કે. જેગોડા સાહેબ ના વરદ હસ્તે સન્માન પત્રક આપી કરવામાં આવ્યું હતું. તેમજ શાળા ના મંત્રી દામુભાઈ પી પટેલ ,શાળા ના આચાર્ય રમણભાઈ પટેલ, સુપરવાઈઝર પ્રજ્ઞેશભાઈ તથા સમગ્ર સ્ટાફે આગળ નું જીવન દીર્ઘાયુ અને નિરોગી બને તેવી શુભેચ્છા ઓ પાઠવી હતી.

મુકત, વિચરતી અને અર્ધ વિચરતી જાતિ સમુદાયોના વિદ્યાર્થીઓ માટે CUG માં એક નવા સેન્ટર ઓફ એકસેલન્સની સ્થાપના

કોમ્યુનિટી ડેવલપમેન્ટ એન્ડ વેલ્ફેર બોર્ડના સભ્ય ભરતભાઈ પટણીએ નવા વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો.

કમલમ્ ન્યુઝ,

સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતમાં અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગના સમુદાયના વિદ્યાર્થીઓ માટે ડૉ. આંબેડકર સેન્ટર ઑફ એક્સેલેન્સ પહેલેથી જ ચાલી રહ્યું છે. તાજેતરમાં યુનિવર્સિટીને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા વિમુક્ત, વિચરતી અને અર્ધ-વિચરતી જાતિ સમુદાયના વિદ્યાર્થીઓ માટે વિકાસ અને કલ્યાણ બોર્ડ તરફથી નવું કેન્દ્ર પ્રાપ્ત થયું છે. ગુરુવારે નવા કેન્દ્રનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્દઘાટન કાર્યક્રમના મુખ્ય મહેમાન વિમુક્ત વિચરતી અને અર્ધ વિચરતી જાતિના વિકાસ અને કલ્યાણ બોર્ડના સભ્ય ભરતભાઈ પટણીએ જણાવ્યું હતું કે સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા ચોક્કસ સમુદાયના વિદ્યાર્થીઓને મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ચોક્કસ સમુદાયને ઉચ્ચ શિક્ષણ સાથે જોડવાનો આ પ્રયાસ પ્રશંસનીય છે. આ દરમિયાન તેમણે કેન્દ્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. શ્રી પટણીએ જણાવ્યું હતું કે, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત તેમજ કેન્દ્રના પ્રયાસો વિદ્યાર્થીઓ માટે વરદાનરૂપ સાબિત થશે.

આ પ્રસંગે અતિથિ વિશેષ અને મુક્ત, વિચરતી અને અર્ધ વિચરતી જાતિ વિકાસ અને કલ્યાણ બોર્ડના પૂર્વ સભ્ય અને વિચરતા સમાજ સમર્થન મંચના સ્થાપક મિત્તલ પટેલે જણાવ્યું હતું કે જ્યારે કોઈ ચોક્કસ સમુદાય માટે આયોજન કરવામાં આવતું હોય ત્યારે તેની કલ્પના કરવી સહેલી ન હતી. પરંતુ આજે ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીમાં આ સ્વપ્ન સાકાર થયું હોય તેવું લાગે છે. આ દરમિયાન કાર્યક્રમની અધ્યક્ષતામાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. રમાશંકર દુબેએ કહ્યું કે આ ખૂબ જ ગર્વની વાત છે કે કેન્દ્રએ ટૂંકા સમયમાં સમગ્ર દેશમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. તેમણે કહ્યું કે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પણ અમારા કેન્દ્રના ઉત્તમ પરિણામોની પ્રશંસા કરી છે. આગામી સમયમાં કેન્દ્રના વિમુક્ત, વિચરતી અને અર્ધ-વિચરતી જાતિ સમુદાયના વિદ્યાર્થીઓની પણ મોટી સંખ્યામાં સરકારી સેવાઓમાં પસંદગી કરવામાં આવશે. કાર્યક્રમની રૂપરેખા રજૂ કરતાં કેન્દ્રના નોડલ ઓફિસર પ્રો રાજેશ મકવાણાએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં કેન્દ્રમાં વિકલાંગ સમાજના વિદ્યાર્થીઓ માટે પણ અલગ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે. તેમણે કહ્યું કે, ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટી સમગ્ર દેશમાં એકમાત્ર યુનિવર્સિટી છે, જ્યાં ત્રણેય સમુદાયના વિદ્યાર્થીઓ માટે એક સાથે ત્રણ કેન્દ્રો કાર્યરત થશે. આ દરમિયાન કેન્દ્રના કો-ઓર્ડિનેટર ડૉ. પુલકેશી જાનીએ તમામ મુલાકાતીઓનો આભાર માન્યો હતો. યુનિવર્સિટીના હિન્દી અનુવાદક દીપિકા શર્માએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

જલારામવાત્સલ્ય સેવા સંસ્થાનના અધ્યક્ષ શ્રીમતી અલકાબેન પંડ્યાને એપી કન્સલ્ટન્સી દ્વારા લક્ષ્મીજીની ચાંદીની પ્રતિમા આપી સન્માન કરવામાં આવ્યુ

કમલમ્ ન્યુઝ,

અરવલ્લી જિલ્લામાં માનવસેવા તથા જીવદયા માટે જલારામવાત્સલ્ય સેવા અગ્રેસર છે જયાં છેલ્લા કેટલા સમય થી પ્રાયમરી રીટાયર શિક્ષક શ્રીમતી અલકાબેન પડ્યા આ સંસ્થા ચલાવે છે ત્યારે આ સંસ્થા સારી કામ ગીરી બદલ હિંમતનગર ના કાંકરોલ સ્વામિનારાયણ મંદિર માં એ પી કન્સલ્ટન્સી દ્વારા અલકાબેન પડ્યા ને લક્ષ્મીજી ની ચાંદી ની પ્રતિમા આપીસન્માન કરવામાંઆવ્યું હતું તેમજ ગરીબ બાળકોને શિયાળા તેમજ રૂતુપ્રમાણે જેપણ જરૂરિયાત વસ્તુઓ જોઈ તી હોય એ પુરી પાળવામાં આવેછે તેમજ અલકાબેન પડ્યા દ્વારા મોડાસા નામેઘરજ રોડ પર આવેલા શ્રી જી કોમ્પ્લેક્સ માં તેમને સિનિયર સીટી જન માટે એક ઓફિસ કરી છે જયાં સિનિયર સિટીજન માટે ચા નાસ્તો તેમજ રમત માટે કેરમ ની વ્યવસ્થા કરવામાં આવી છે આમ આ સંસ્થા ગરીબ તેમજ સિનિયર સિટીજન ના વહાલે આવી છે.

સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (સ્પીપા) સાથેની ભાગીદારીમાં ભારતીય માનક બ્યુરો દ્વારા માનકીકરણ અને ગુણવત્તાની ખાતરી પર એક દિવસીય તાલીમ

કમલમ્ ન્યુઝ,

ભારતીય માનક બ્યુરો (BIS) એ આપણા દેશની રાષ્ટ્રીય માનક સંસ્થા છે જે BIS એક્ટ ૨૦૧૬ હેઠળ અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોને આવરી લેતા ઉત્પાદનો, પ્રક્રિયા અને સેવાઓ માટે ભારતીય માનકોને ઘડવા માટે ફરજિયાત બનાવામાં આવ્યું છે અને અનુરૂપ મૂલ્યાંકન યોજનાઓ ઘડવા તેમ જ અમલ કરવા માટે પણ જવાબદાર છે, જે માનકોના અમલીકરણનો અને ગુણવત્તાના પ્રમાણીકરણ પર દેખરેખ રાખે છે. BIS અમદાવાદ દ્વારા ૨૬-૦૯-૨૦૨૪ના રોજ સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA), અમદાવાદ ખાતે ખાદ્ય અને નાગરિક પુરવઠાના સરકારી અધિકારીઓ માટે માનકીકરણ અને ગુણવત્તાની ખાતરીપર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાંઆવ્યું હતું. શ્રી વિપિન ભાસ્કર, વૈજ્ઞાનિક-ડી/ સંયુક્ત નિદેશકએ BISનીવિવિધ પ્રવૃત્તિઓની સંક્ષિપ્ત ઝાંખી આપી હતી. સહભાગીઓને BIS વેબસાઈટ અને BIS કેર એપ વિશે માહિતગાર કરવામાંઆવ્યા હતા. શ્રી અજય ચંદેલ, વૈજ્ઞાનિક સી/ ઉપનિદેશક અનાજના સંગ્રહ અંગે પ્રેઝન્ટેશન આપ્યું. પ્રેઝન્ટેશન દરમિયાન તેમણે IS 6151: 1971 (સ્ટોરેજ મેનેજમેન્ટ કોડ), IS 5503: 2020 (અનાજ સંગ્રહ માટે સિલોસ માટેની સામાન્ય જરૂરિયાતો), IS 15000 (હેઝાર્ડ એનાલિસિસ ક્રિટિકલ કંટ્રોલ પોઈન્ટ્સ) અને IS 22000 ફૂડ સેફ્ટી મેનેજમેન્ટ સિસ્ટમ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમનો ઉદેશ્ય ખાદ્ય અને નાગરિક પુરવઠાના સરકારી અધિકારીઓને તેમની પ્રવૃત્તિઓમાં કૃષિ ઉત્પાદન અને ઈનપુટ્સ અને HACCP અને FSMSના રોલના સંગ્રહ અને વ્યવસ્થાપન સંહિતા પ્રત્યે સંવેદનશીલ બનાવવાનો હતો. શ્રીસુમિત સેંગર, નિદેશક અને પ્રમુખ, BIS, અમદાવાદ એ આ તાલીમના મહત્વ અને આ ક્ષેત્રમાં માનકીકરણના મહત્વ પર ભાર મૂક્યો. SPIPA વરિષ્ઠ અધિકારીએ ફૂડ સપ્લાય ચેઈન અને સલામતી વ્યવસ્થાપન ક્ષેત્રે ભારતીય માનકોની જરૂરિયાતો વિશે સહભાગીઓને સંબોધિતકર્યા. શ્રી અજય ચંદેલે તેમની સક્રિય ભાગીદારી અને મૂલ્યવાન સૂચનો માટે તમામ શ્રોતાઓનો આભાર માન્યો હતો. આવા સૂચનો આપણા ભારતીય માનકોને વધુ મજબૂત બનાવે છે, જે અંતિમ વપરાશકર્તા અને હિસ્સેદારો બંનેને મદદરૂપ છે. માનકમાં જરૂરી ફેરફારોને સામેલ કરવા માટે BISની ટેકનિકલ કમિટી સાથે સંપર્ક કરવામાટે અને માનકો પરની ટિપ્પણીઓ, અમને અમારા ઈમેલ આઈડી : ahbo@bis.gov.in પર મોકલી શકાય છે.

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા,

રાહુલ ગાંધી ના અનામત વિરોધી નિવેદન ના વિરોધ માટે વ્યારા ખાતે એક રેલી અને ધરણા નો કાર્યક્રમ પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ સાહેબ, અનુસૂચિત જાતિ મોર્ચા ના પ્રદેશ મંત્રીશ્રી રિધ્ધીબેન પટેલ, જિલ્લા સંગઠન પ્રભારીશ્રી માધુભાઈ કથીરિયાજી, જિલ્લા સંગઠન પ્રમુખશ્રી મયંકભાઇ જોષી, સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, ધારાસભ્યશ્રી ડો જયરામભાઈ ગામીત, ધારાસભ્યશ્રી મોહનભાઇ કોંકણી, ધારાસભ્યશ્રી મોહનભાઇ ઢોડિયા, માજી ધારાસભ્યશ્રી મોતીભાઈ વસાવા, તાપી જિલ્લા મહામંત્રી શ્રી રાકેશભાઈ કાચવાલા, તાપી જિલ્લા મહામંત્રી શ્રી ડો નિલેશભાઈ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિ મા રાખવામાં આવેલ. જિલ્લા તાલુકા નગર ના તમામ હોદ્દેદારો, પદાધિકારીઓ, ચૂંટાયેલ તમામ સભ્યો, વિવિધ મોર્ચા ના તમામ હોદ્દેદારો તથા ભારતીય જનતા પાર્ટી ના તમામ કાર્યકર્તાઓ એ હાજરી આપી હતી. આ રેલી ડો શ્યામા પ્રસાદ મુખરજી હોલથી લઈ ડો બાબાસાહેબ આંબેડકર ની પ્રતિમા ધરણા સ્થળ સુધી રાખવામાં આવેલ.

મંગલ ભુવન, વઢ્વાણ ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હરિકૃષ્ણભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ સુશ્રી જીજ્ઞાબેન પંડ્યા સહિતના મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ

કમલમ્ન્યુઝ, સુરેન્દ્રનગર

ગુજરાતમાં નાગરિકોને જનસુખાકારીના લાભો મળી રહે એ માટે વંચિતોના વિકાસને વરેલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી આજરોજ મંગલભુવન વઢવાણ ખાતે૧૪મો જિલ્લાકક્ષાનો ગરીબકલ્યાણ મેળોયોજાયોહતો. આ ગરીબ કલ્યાણ મેળામાં ગ્રામ્ય અનેશહેરીવિસ્તારનાકુલ ૧૪૨૫ લાભાર્થીઓને રૂ. ૧.૬૯ કરોડની સહાયનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ગરીબ કલ્યાણ મેળામાં સંબોધન કરતા જિલ્લાકલેકટર શ્રી કે.સી.સંપટે જણાવ્યું હતું કે, સરકારની પ્રજા કલ્યાણકારી યોજનાઓનાં લાભ છેવાડાના માનવીને હાથોહાથ પહોંચાડવાનું સબળમાધ્યમ ગરીબ કલ્યાણ મેળો છે. રાજય સરકારની વિવિધ વ્યકિતલક્ષી સહાયનાં લાભાર્થીઓને ગરીબ કલ્યાણ મેળા દ્વારા એક જ છત્રનીચે બધા જ લાભ કોઈપણ જાતના વચેટિયા વગર સીધા પારદર્શી રીતે મળી રહે તે હેતુસર વર્તમાન વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્ય મંત્રી તરીકે શ્રીનરેન્દ્રભાઈ મોદીએ આ ગરીબ કલ્યાણ મેળાનો નવતર અભિગમ વિકસાવેલો છે. ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત આપવામાં આવેલી સહાય વિશેની વાત કરતા વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળા પહેલાં જિલ્લાના ૩૪,૬૨૧ લાભાર્થીઓનો રૂ.૭૧.૪૫ કરોડના લાભોનું વિતરણ કરવામાં આવ્યું છે.

આજરોજ મંગલ ભુવન ખાતે યોજાનાર આ ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૧૪૨૫ લાભાર્થીઓને અંદાજીત રૂ.૧.૬૯કરોડની સહાય હાથોહાથ અર્પણકરવામાં આવશે. આ ઉપરાંત ગરીબ કલ્યાણ મેળા બાદ પણ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ૨૨૦૩ લાભાર્થીઓને રૂ.૩ કરોડથી વધારેની સહાય અર્પણ કરવામાં આવશે. રાજ્યના ગરીબો સ્વાભિમાનપૂર્વક જીવન જીવી શકે એવી રાજ્ય સરકારની નેમને ગરીબકલ્યાણ મેળાઓસાર્થક કરી રહ્યા છે. આ તકે નગરપાલિકા પ્રમુખશ્રી જીજ્ઞાબેન પંડ્યાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને પ્રેરણાથી મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈપટેલનાં નેતૃત્વ હેઠળની આપણી રાજ્ય સરકારે જનતા માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. ગરીબ કલ્યાણ મેળા થકી ગરીબો આત્મનિર્ભર અને સ્વાવલંબી બન્યાં છે. આજે છેવાડાના માનવી સુધી વિકાસનો લાભ પહોંચ્યા છે, જેના કારણે ગુજરાતની પ્રગતિમાંપણ ઉતરોત્તર વધારો થયો છે. આજે વચેટિયાઓની નાબૂદી સાથે લાભાર્થીઓને તેમના લાભો સીધેસીધા બેંકખાતામાં જમા થઈ મળી રહ્યા છે. વધુમાં, તેમણે ઉપસ્થિત તમામ લોકોને સરકારશ્રીની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓનો વધુમાંવધુલાભ લેવાજણાવ્યું હતું. આ અવસરે બનાસકાંઠાના ડીસા ખાતેથી મુખ્ય મંત્રીશ્રીની અધ્યક્ષાતામાં યોજાયેલા રાજ્ય કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સૌએ રસપૂર્વક નિહાળ્યુંહતું. ગરીબ

કલ્યાણ મેળા વિશેની ફિલ્મ અને લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા.

બાદમાં ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે લાભાર્થીઓને વિવિધ લાભોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતુ. ગરીબ કલ્યાણ મેળાના સ્થળે આરોગ્ય શાખા, સમાજ સુરક્ષા, મહિલા અને બાળવિકાસ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પશુપાલન, ખેતીવાડી સહિતના વિવિધ વિભાગો દ્વારા સ્ટોલ મારફતેલોકોને સરકારશ્રીની વિવિધકલ્યાણકારી યોજનાઓના લાભો મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિતરિત કરવામાં આવ્યાં હતાં. જિલ્લાવિકાસઅધિકારી શ્રી રાજેશ તન્નાએ કાર્યક્રમની આભારવિધિ કરીહતી. આ પ્રસંગેનિવાસી અધિક કલેકટર શ્રીઆર.કે.ઓઝા, જિલ્લા ગ્રામવિકાસ એજન્સીનિયામક શ્રી આર.એમ.જાલંધરા, વઢવાણ પ્રાંત અધિકારીશ્રી નિકુંજ ધુળા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિલન રાવ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

રાજકોટ ખાતે મેયરશ્રી નયનાબેન પેઢડિયાના અધ્યક્ષસ્થાને શહેર કક્ષાનો "ગરીબ કલ્યાણ મેળો" યોજાયો

"એજન્ટ પ્રથાની નાબુદી સાથે "ગરીબ કલ્યાણ મેળા" થકી નાગરિકોને ગરિમાપૂર્ણ રીતે મળી રહ્યા છે સીધા લાભ" - સાંસદ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા

સર્વે જન - પ્રતિનિધિઓશ્રી સરકારની કલ્યાણકારી યોજનાઓનો નાગરિકોને મહત્તમ લાભ આપવવા કટિબદ્ધ

કમલમ્ન્યુઝ, રાજકોટ

જનજનની સુખાકારીઅને પ્રગતિની નેમ સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજકોટના અટલ બિહારીવાજપેયી ઓડિટોરિયમ ખાતે મેયરશ્રી નયનાબેનપેઢડીયાના અધ્યક્ષસ્થાને અને લોકસભાના સાંસદ શ્રી પુરૂષોત્તમ રૂપાલાની વિશેષ ઉપસ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકાદ્વારા શહેર કક્ષાનો "ગરીબ કલ્યાણ મેળો-૨૦૨૪" યોજાયો હતો. આ મેળામાં વિવિધયોજનાના ૧,૬૨૨ લાભાર્થીઓને રૂ. ૨ કરોડ ૫૭ લાખની સહાય આપવામાં આવી હતી. તેમજ અત્યાર સુધી કુલ૪૨,૨૪૬ લાભાર્થીઓને રૂ. ૮૮.૫ કરોડની સહાય-કીટ-લાભનુવિતરણ કરાયુ હતું. આ તકેમેયરશ્રી નયનાબહેન પેઢડીયાએ જણાવ્યુંહતું કે, ગુજરાતનો એક પણ નાગરિક રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાથી વંચિત ન રહે તે હેતુસર ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "ગરીબ કલ્યાણ મેળા"ની શરૂઆતકરી હતી આજે આપણેસૌ "ગરીબ કલ્યાણ મેળા"નો ૧૪મોતબ્બકો ઉજવીરહ્યા છીએ. નાગરિકોની સુખાકારી માટે સેવાની ધારા અવિરત રીતેવહેતી રહે તેમાટે શ્રી નરેન્દ્રભાઈમોદી દિલ્લીમાં રહીને પણ આપણાં સૌના કલ્યાણ માટે સતત ચિંતા કરીરહ્યા છે. તેમણે વધુમાં કહ્યુંહતુ કે, આજે રાજ્ય સરકાર આવાસયોજના, આયુષ્માન ભારત યોજના, સ્કોલરશિપ યોજના સહિતની યોજનાઓ લઈને જનતાના દ્વારે પહોંચી છે. ત્યારે જેમને લાભ મળેલા છે તેવા લાભાર્થીઓને અન્ય લોકોને લાભ મેળવવામાં મદદરૂપ બનવા ક્રિકેટ મેયરશ્રીએ અપીલ કરી હતી અને ઉપસ્થિત સૌ લાભાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી. આ અવસરે લોકસભાના સાંસદ શ્રી પુરૂષોત્તમ રૂપાલાએ એજન્ટ પ્રથાની નાબુદી સાથે નાગરિકોને સીધા લાભ મળે તેવા ગરિમાપૂર્ણ "ગરીબ કલ્યાણ મેળા"ની સાર્થકતા વિશે વાત કરતાં જણાવ્યું હતું કે, નાગરિકોના સર્વાંગી વિકાસમાટે "ગરીબકલ્યાણ મેળો"મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે. નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓના લાભ એક સ્થળેમળી રહ્યા છે. આજે રાજકોટના૧,૬૨૨લાભાર્થીઓને સીધોલાભ મળવા જઈ રહ્યો છે જે તેમને જીવનમાં આગળ વધવા માટે નવી ઊર્જાનોસંચાર કરશે. શ્રી પુરૂષોત્તમ રૂપાલાએ સરકારીયોજનાઓનો લાભ મેળવેલા લાભાર્થીઓને એમ્બેસેડર બનવાની પ્રેરણા આપતાકહ્યું હતુંકે, આજે આપણે અન્ય નાગરિકોને સરકારની યોજનાઓવિશે જાણકારી આપીને તેમના જીવનમાં ખુશીની સુવાસ ફેલાવીને પુણ્યનું કામ કરવુંજોઈએ. તેમજસર્વે જન- પ્રતિનિધિશ્રીઓ નાગરિકોને સરકારની યોજનાઓનો મહત્તમ લાભ અપાવવા કટિબદ્ધ છે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વધુમાં તેઓશ્રીએ વંચિતોના વિકાસ માટે સુપેરે કામગીરી કરી રહેલા જિલ્લા વહીવટી તંત્રની પણ પ્રશંસા કરી હતી. દરેક લાભાર્થીઓ સરકારની યોજનાનીમદદ થકીઆત્મનિર્ભર બનીને જીવનમાં ઉરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ અવસરે ધારાસભ્યશ્રી ઉદયભાઈ કાનગડએ "ગરીબ કલ્યાણ મેળા"ને સાચા અર્થમાં દરિદ્ર નારાયણની ઉમદા સેવાનું માધ્યમ કહ્યું હતું. ધારાસભ્ય શ્રી દર્શિતાબહેન શાહએ "જ્યાં માનવી ત્યાં સુવિધા"ના મંત્રને સાર્થક કરવા રાજ્ય સરકાર સતત પ્રયત્નો કરી રહી છે, તેમ જણાવ્યું હતું. તેમજ ધારાસભ્યશ્રીરમેશભાઈ ટીલાળાએરાજ્ય સરકારની જન-જનના કલ્યાણની સેવાને અને સ્વયંને મળેલા સરકારના લાભોની ગાથાને અન્ય લોકો સુધી પહોંચાડવા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય કરીને સરકારની કલ્યાણકારીયોજનાઓથીપોતાના જીવનમાં આવેલા સુખદ પરિવર્તન અંગે વિવિધ યોજનાના લાભાર્થીઓએ પોતાના વિચારો રજ કર્યા હતા. મહાનુભાવોના હસ્તેમુખ્ય સ્ટેજ પરથી ૨૭ લોકોને સહાય - કીટ - લાભ અર્પણ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત સૌ નાગરિકોએ બનાસકાંઠા ખાતે આયોજિત રાજ્ય કક્ષાના "ગરીબ કલ્યાણ મેળા"નું લાઈવપ્રસારણ નિહાળીનેમુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને સાંભળ્યા હતા. આ તકે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જયમીન ઠાકરે સ્વાગત પ્રચન અને આભારવિધિ અગ્નિશામકદળ સમિતિના ચેરમેન શ્રી દિલીપભાઈ લુણાગરિયાએ કરી હતી. ઉલ્લેખનીય છે કે, ગરીબ કલ્યાણ મેળા પહેલા સરકારશ્રીના જુદા જુદા ૧૪ વિભાગોની ૪૫ યોજનાઓ જેવીકે, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને વિનામૂલ્યે સાઈકલ, કસ્તુરબા પોષણસહાય યોજના, આયુષ્માન કાર્ડ, શ્રી વાજપાઇ બેંકેબલ યોજના, માનવ ગરિમાયોજના, અનુસુચિત જાતીના કન્યાઓને કુંવરબાઈના મામેરા માટે નાણાકીય સહાય, વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન, અન્નપૂર્ણા યોજના, PM- સ્વનિધિયોજના, નિરાધાર વિધવા સહાય, વ્હાલી દિકરી યોજના, સંત સુરદાસ સહાય યોજના, દિવ્યાંગવ્યક્તિઓને બસમાં મફત મુસાફરી, બાંધકામ શ્રમયોગીઓને સ્કોલરશીપ વગેરે જુદી જુદી ૪૫ યોજનાઓના કુલ-૪૦,૬૨૪ જેટલા લાભાર્થીઓને રૂ.૮૫.૯૩ કરોડની સહાય/કીટ/લાભ વિતરણ કરવામાંઆવેલી છે.

આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટીમેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસકપક્ષના નેતા શ્રી લીલુબેન જાદવ, શાસક પક્ષના દંડક શ્રી મનિષભાઈ રાડીયા, મ્યુનિસિપલ કમિશ્નર શ્રી ડી.પી. દેસાઈ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર શ્રીસ્વપ્નિલ ખરે, અગ્રણી શ્રી રૂચિતાબેન જોશી, શ્રી અશ્વિન ભાઈ મોલિયા, શ્રી નીલેશભાઈ, શ્રી મંજુબેન સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

કમલમ્ ન્યુઝ,

અમેરિકામાં રાહુલ ગાંધીએ આપેલ અનામત વિરોધી નિવેદનની વિરુદ્ધમાં ગાંધીનગર શહેર ભાજપ દ્વારા વિધાનસભા સામે સ્થિત બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે ધરણાં અને વિરોધ પ્રદર્શન યોજાયું હતું. જેમાં ઉપસ્થિત ભાજપા આગેવાનો અને કાર્યકર્તાઓએ કોંગ્રેસની અનામત વિરોધી નીતિ તેમજ રાહુલ ગાંધીએ આપેલા અસ્વીકાર્ય નિવેદનને સખત શબ્દોમાં વખોડી આક્રમક વિરોધ નોંધાવ્યો હતો. આ ધરણાં કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ૠચિર ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર મીરાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય પુનમભાઇ મકવાણા, સ્ટે. કમિટી ચેરમેન ગૌરાંગ વ્યાસ સહિત આગેવાનો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ડાંગ જિલ્લામાં "એક પેડ, માં કે નામ" અભિયાનને વેગવાન બનાવતા વન અને પર્યાવરણ રાજય મંત્રી શ્રી મુકેશભાઇ પટેલ

મંત્રી શ્રી મુકેશભાઇ પટેલે કરંજડા ખાતે ગ્રામજનો સાથે મળી અઢી હજાર વૃક્ષોનુ વાવેતર કર્યુ

કમલમ્ન્યુઝ, આહવા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા "એક પેડ, માં કે નામ" અભિયાન અંતર્ગત ડાંગજિલ્લાની લવચાલી રેંન્જમા સમાવિષ્ટ કરંજડા ખાતે વન અને પર્યાવરણ, કલાઈમેટચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. દુનિયાનો સૌથી અમુલ્ય સંબધ માતા સાથે છે. ત્યારે મા ના નામે વડાપ્રધાનશ્રીએ જે "એક પેડ, માંકે નામ" અભિયાનની પહેલ કરી છે તેને વધુ વેગવાન બનાવી, આપણે પણ પોતાની માતાના નામે વૃક્ષો લગાવવા જોઈએ.

માતાના નામે વાવેલા વૃક્ષ વર્ષો વર્ષ સુધી મા ની યાદમા રહેશે, તેમજ આ વૃક્ષ હમેશા શિતળ છાયો આપી, વનની સમૃધ્ધિમા વધારો કરશે તેમ જણાવી મંત્રીશ્રીએ, ઉપસ્થિત દરેક લોકોને "એક પેડ, માં કે નામ" અભિયાનમા જોડાઈ, જ્યા જગ્યામળેત્યા, કમ સેકમ એકએક વૃક્ષનુ વાવેતર કરવાની અપીલ કરી હતી. મંત્રીશ્રીની ઉપસ્થિતિમા લવચાલી રેંન્જના સ્થાનિક લોકો, વન મંડળીના પ્રમુખ/મંત્રીશ્રીઓ દ્વારા ૨ હજાર ૫૦૦ વૃક્ષોનુ વાવેતર કરાયુ હતુ.

ઉલ્લેખનીય છે કે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનીપ્રેરણાથી ગુજરાતને વધુ હરિયાળુ બનાવવાના હેતુથી, સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા સંચાલિત જુદી જુદી યોજનાઓ હેઠળ વન વિસ્તાર તેમજ કાર્યક્ષેત્રમા આવેલા ગ્રામ કક્ષા, તાલુકા કક્ષા તથા જિલ્લા કક્ષાએ આવેલા જાહેર સ્થળો, સરકારી કચેરીઓ, શાળાઓ, કોલેજો, જળાશયોતેમજ સ્થાનિક ખેડુત લાભાર્થીઓને પણ ''એક પેડ, માં કે નામ'' અભિયાન અંતર્ગત વન વિભાગ દ્વારા કુલ ૨૩૦૮.૪૦ હેકટર વિસ્તારમા કુલ ૨૭.૭૭ લાખ રોપાઓનુ વાવેતર કરવામા આવ્યુ છે.

કરંજડા ખાતે યોજાયેલા કાર્યક્રમમા વિધાન સભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન સહિત ઉચ્ચાધિકારીશ્રીઓ, વનકર્મીઓ, જંગલ મંડળીના પ્રમુખ/મંત્રીશ્રીઓ, તેમજ મોટી સંખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજયમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાના અદયક્ષસ્થાને વ્યારા ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુલ ૨૭૯૩૮ લાભાર્થીઓને રૂ.૭૪૮.૨૧ કરોડની સહાયનું વિતરણ

કમલમ્ન્યુઝ, તાપી

ગુજરાતમાં નાગરિકોને જનસુખાકારીના લાભો મળી રહે એ માટે વંચિતોના વિકાસને વરેલા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા અને રાજ્યના હાલના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી ૧૪મો જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળાનો આજરોજ વ્યારા ખાતે શુભારંભ કરવામાં આવ્યો. તાપી જિલ્લાના ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૨૭૯૩૮ લાભાર્થીઓને ૨૦ જેટલી યોજનાઓ દ્વારા કુલ રૂ.૭૪૮.૨૧ કરોડની માતબર રકમના ચેક તેમજ સાધન સહાય અર્પણ કરી આ મેળાનો પ્રારંભ થયો. મહાનુભાવોના હસ્તે મુખ્ય સ્ટેજ પરથીરાજ્યસરકારની વિવિધ લોકકલ્યાણ લક્ષી યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાયું હતું. આ ગરીબ કલ્યાણ મેળામાં અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહેલા મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા, સંસદીય બાબતો પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, ગૌરવવંતા ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને આગળ ધપાવતા મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગરીબ કલ્યાણ મેળાનો જન સેવાયજ્ઞ છેવાડાનામાનવી સુધીપહોંચ્યો છે. રાજ્યના ગરીબો અને અંત્યોદય સ્વાભિમાનપૂર્વક જીવે એવી રાજ્ય સરકારની નેમને ગરીબ કલ્યાણ મેળો સાર્થક કરી રહ્યો છે. ગરીબ કલ્યાણ મેળા થકી ગરીબો આત્મનિર્ભર અનેસ્વાવલંબી બન્યાં

આવા કલ્યાણકારી મેળાઓ યોજી આર્થિક અસમાનતાને દૂર કરવાની સરકારની નેમ છેઃ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા

છે. આજે છેવાડાના માનવી સુધી વિકાસનો લાભ મળે છેજેના કારણે ગુજરાતની ગતિ-પ્રગતિમાં પણ વધારો થયો છે. સરકારની જનહિતલક્ષી વિવિધ યોજનાઓ હેઠળ ગરીબ લાભાર્થીઓને આવરી લઈ ગરીબોના હક્કના નાણાં સીધા તેમના જ હાથમાં આવી રહ્યાં છે. વચેટિયાઓની નાબૂદી કરવા સાથે લાભાર્થીઓને તેમના હક્કનો લાભ સીધેસીધો તેમના બેંકખાતામાં જમા થઈરહ્યો છે. મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે અત્યાર સુધી યોજાયેલા કુલ ૧૩ ગરીબકલ્યાણ મેળાઓમાં૧ કરોડ ૬૪ લાખથી વધુ લાભાર્થીઓને રૂ. ૩૬ હજાર ૮૦૦ કરોડના લાભો હાથો-હાથ મળીશક્યા છે અને આ યજ્ઞ થકી અવિરત સેવા હજુ ચાલુ જ રહેશે. તેમણે ઉજ્જવલાયોજના, જન ધન યોજના, જનની વીમા સુરક્ષા યોજના, પ્રધાનમંત્રીઆવાસ યોજના, જન ઔષધીકેન્દ્ર સહિતની યોજનાઓ દ્વારા લોકોને થયેલા લાભની વાતરજૂ કરીઆ સરકાર ગરીબ, વંચિત, પીડિત અને શોષિતોની છે એમજણાવી સરકારે શિક્ષણથી આરોગ્ય સુધી લોકોની લીધેલી દરકારની વાત વિસ્તૃત વર્ણવી હતી. રાજ્ય સરકારના પારદર્શી, નિર્ણાયક, સંવેદનશીલ અને પ્રગતિશીલ નિર્ણયોના કારણે સામાન્ય વર્ગપણ સુખીઅને સંપન્ન થયો છે તેમતેમણે વધુમાં જણાવ્યું હતું. સાંસદશ્રીપ્રભુભાઈ વસાવાએ પ્રાસંગિક ઉદબોધન કરતાજણાવ્યું હતુ કેયોગ્ય નાગરિકોને મદદરૂપ થવાના આશયને પરિપૂર્ણ કરવા માટે યોજાઈ રહેલા આ ગરીબ કલ્યાણ મેળાથીરાજ્યના નાગરિકો આર્થિક ઉન્નતિ કરી શકશે તેમજ લાભાર્થીઓને સરકારી સહાયનો યોગ્ય ઉપયોગ કરીજીવનમાંપ્રગતિ સાધવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે આપણા જિલ્લા અને રાજ્યને નવી દિશા મળી રહી છે, નવી શિક્ષાણ નીતિથી આવનારી પેઢીનું જીવન ધોરણ બદલશે અને તેમજ દિવ્યાંગજનોને સક્ષમ કરવા માટેની કેટલીય યોજનાઓ લાગુ પાડવામાં આવી છે. આ પ્રસંગે ઈન્ચાર્જ કલેક્ટર અને જિલ્લા વિકાસઅધિકારી શ્રીવી.એન. શાહ સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત સૌ મહેમાનો અને લાભાર્થીઓને તાપી જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં આવકાર્યા હતા. અહી જિલ્લા પંચાયતના ઓડિટોરિયમ ખાતે બનાસકાંઠાના ડીસા ખાતેથી મુખ્ય મંત્રીશ્રીની અધ્યક્ષાતામાં રાજયકક્ષાના યોજાયેલા ગરીબ કલ્યાણ મેળાનું જીવંતપ્રસારણ રજૂ કરવામાં આવ્યુ હતું. આ ગરીબ કલ્યાણ મેળાના સ્થળે સમાજ સુરક્ષા કચેરી દ્વારા કેમ્પ, મહેસૂલ તથાપુરવઠા શાખા, મહિલા અને બાળ વિકાસ શાખા, લીડ બેંક, શહેરી વિકાસ, વાસ્મો, બાગાયત અને આત્મા શાખા, સામાજિક વન વિભાગ, પશુપાલન અને ખેતીવાડી શાખા તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સહિત સ્ટોલ મારફતે લોકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિતરિત કરવામાંઆવ્યાંહતાં. આ કાર્યક્રમ બાદ પ્રદર્શિત કરાયેલા વિવિધ વિભાગોના સ્ટોલની મહાનુભાવો દ્વારામુલાકાત લેવામાં આવી હતી. આ ગરીબકલ્યાણ મેળામાં ધારાસભ્ય સર્વેશ્રીઓ મોહનભાઈ કોંકણી, શ્રી ડો. જયરામભાઈ ગામિત, શ્રી મોહનભાઈ ઢોડિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી જાલમસિંગ વસાવા, પોલીસઅધિક્ષક શ્રી રાહુલ પટેલ, નિવાસીઅધિક કલેક્ટરશ્રી આર. આર. બોરડ, પ્રાંત અધિકારીશ્રીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી ખ્યાતિ પટેલ અને વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, અગ્રણીશ્રીઓ, વિવિધ સંગઠનોના હોદેદારો, પદાધિકારીઓ તેમજ વિશાળ સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાહતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028